શ્રી

નવકાર મંત્ર સંગ્રહ.

(ફળદાયક વિધિ સહિત.)

સંશોધક ને પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૬૯ પ્રત ૨૦૦૦

અમદાવાદ-પાંચકૂવા નવા દરવાજે આવેલા
શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીંગ પ્રેસમા શા. મગનલાલ
હરિવલવદાસે મુદ્રિત કર્યું.

કીમ્મત બે આના.

અર્પણ પત્રિકા.

પુણ્યશાળી શેઠ. કંકુચંદ મૂલચંદ પટણી.

ધી માધવજી ધરમસી મીલના સેલ્સમેન સેક્રેટેરી.

ચોપાટી પોષ્ટ નં. ૭ મુંબઇ.

પ્રાણી એકલોજ જન્મે છે અને એકલોજ મરણ પામે છે; પુણ્યનાં ફળો પણ એકલોજ ભોગવે છે અને પાપનો દંડ પણ એકલોજ સહન કરે છે મરણ પછી તેના આપ્તમિત્રો મૃત દેહને કાષ્ટથી બાળીને તેની રાખ સ્મસાન ભુમિમા રખડતી મુકીને પોત પોતાના ઘેર ચાલ્યા જાય છે સાથે માત્ર ધર્મજ જાય છે એટલા સારૂજ જન્મીને મનુષ્યે પરલોકમા સહાય કર્ત્તા થાય, એવા શુભ હેતુથી યથાશક્તિ પુણ્ય કરવુંજ જોઇએ એવા રૂડા ઉપદેશને અનુસરી પવિત્ર વર્ત્તન રાખનારા હે સજ્જન કુમકુમચંદ્ર તમને અપૂર્વ ધન્યવાદ ઘટે છે અને એટલા સારૂજ આ પવિત્ર મંત્ર પોથીમાં તમારૂ માગળિક નામ પૂર્ણ ઉત્સાહથી પ્રકટ કરી આનંદ પામું છું

વિજ્ઞપ્તિ પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

શ્રી

નવકાર મંત્ર સંગ્રહ.

(ફળદાયક વિધિ સહિત.)

સંશોધક ને પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

પ્રથમ.વૃત્તિ.

સવત્ ૧૯૬૯ પ્રત ૨૦૦૦

અમદાવાદ-પાંચકૂવા નવા દરવાજે આવેલા
શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીગ પ્રેસમાં શા. મગનલાલ
હરિવલવદાસે મુદ્રિત કર્યું.

કિમ્મત બે આના.

ખુલાસો.

કોઇપણ ધર્મ—પંથ એવો નહિ હોય કે જેના શાસ્ત્રોમાં તેના ભક્ત જનોના ઉપયોગમાં આવે તેવા કલ્યાણકારી મંત્રો ન હોય જૂદી જૂદી જાતના અનેક પ્રકારના મંત્ર તંત્ર અને યંત્ર જોયા, કાંઇક અનુભવ્યા, છતાં સ્વધર્મમાં એવી બાબતોના સબંધમાં શું શું છે તેની શોધ પણ ચાલુ રાખી હતી, અને તેમાં મને જે કાંઇ જડી આવ્યું હતું તે, હવે આ અસ્થિર પંચભૂતની કાચી કાયાનો ઝાઝો ભરોસો ન રાખતાં મારા સ્વામીભાઇઓ સન્મુખ ધીમે ધીમે રજુ કરતા રહેવાનો નિશ્ચય કરી આ પ્રથમ પુસ્તક પ્રગટ કર્યું છે, તો તેનો લાભ જેટલા ઉત્સાહથી લેવાશે તેટલા ઉત્સાહથી વધારેને વધારે મંત્રો સંઘની સેવામાં રજુ કરતો રહીશ

કળીયુગમાં મંત્ર ફળતા નથી એવું કહેનારા અજ્ઞાન છે અને એ અજ્ઞાનતા દુર કરવાને સારૂજ આ મંત્રોનો અનુભવ લેવાને સૌને ભલામણ કરૂં છું સાધકોએ ધીરજ અને શ્રદ્ધાપૂર્વક એકાગ્રતાથી પ્રયોગ શરૂ કરવો, અને પછી જે જે ચમત્કારો જાગતાં કે સ્વપ્નાવસ્થામાં જણાય, એમાં સમજ ના પડે તો મને રૂબરૂમાં મળીને કે કાગળ પત્રથી સુખેથી ખુલાસો પુછવો, હું એક ભાઈ તરીકે દરેકને મદદ કરવા તૈયારજ છું મારી સાથે પ્રસંગ પાડતાં કોઈ રીતે શરમાવું ગભરાવું કે નાહિમ્મત થવું નહિ મને ગરીબ કે તવંગર સંસારી કે વૈરાગી, સુખી કે દુઃખી, ન્હાનો કે મ્હોટો સૌના પ્રત્યે સમાન પ્રેમભાવ છે પરમાત્મા મારામાં તે બળ અખંડ રાખો એજ હાલની જીવન ઈચ્છા છે અસ્તુ

માસ્તર. નાનાલાલ મગનલાલ. જૈન બુકસેલર

રીચીરોડની સડકપર—અમદાવાદ.

NANALAL MAGANLAL, MASTER

Richey Road, Ahmedabad



માસ્તર નાનાલાલ મગનલાલ.

ગ્યા રાડની નાકાપર અમદાવાદ

Lakshmi Art Bombay

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવકાર મંત્ર સંગ્રહ.

શ્રી પંચ પરમેષ્ટી વંદન.

હું અરિહંત ભગવાનને નમું છું, હું સિદ્ધ ભગવાનને નમું છું. હું આચાર્યને નમું છું હું ઉપાધ્યાયને નમું છું. જગતમાં રહેલા સર્વ સાધુઓને નમું છું. આ પાંચ પ્રકારનો મેં કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર થજો. સર્વ મંગલિકોમાં આ નવકાર મંત્ર એ પ્રથમ મંગલિક છે અને તે સર્વને કલ્યાણકારી થાઓ.

तुभ्यं नम स्त्रिभुवनार्त्तिहराय नाथ,
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ॥
तुभ्यं नम स्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन भवोदधि शोषणाय.

મંત્ર સાધવાની વિધિ.

મંત્ર સાધવાની ઇચ્છા રાખનારે પ્રથમ નીચેના નિયમો ખાસ સંભાળ રાખીને પાળવા તોજ મંત્રના ફળની પ્રાપ્તી થશે. એ સિવાય નકામા ગરબડ ઘોટાળા કરવાથી કાંઇ ફળ મળશે નહીં.

જે મંત્રમાં જે જે સામાન જોઇએ તે સંભાળ પૂર્વક તૈયાર રી પાસે લેઇને બેસવું, કારણ કે જપ કરતા કરતા કાંઇ વારે ઘડી

ઉઠાશે નહીં. બેસવાનું આશન ઉત્તમ પ્રકારનું ડાભ (એક પ્રકારનું ઘાસ આવે છે તે) નું અથવા લાલ, પીળું, સફેદ કે જે મત્રની વિધિમા જે જાતનુ લેવાનુ કહ્યુ હોય તેવુ બીછાવવું. ઓઢવા વસ્ત્ર સારૂ ઉત્તમ જે પ્રકારનુ જે મત્રમાં વાપરવાનુ લખ્યુ હોય તેવુ લેવું શરીર સ્વચ્છ પાણીથી નાહી ધોઇ સુંદર વસ્ત્ર પહેરી શુદ્ધ ઉચ્ચારથી સમતા અને શ્રદ્ધા પૂર્વક જપ કરવો. આસન જીનપ્રતિમાજીનો માફક પદ્માસન–કે જે વિધિમા જે જણાવ્યુ હોય તે પ્રમાણે બેસવુ. અને જપ કરતા ડાબો હાથ જમણી બગલમા રાખવો. તથા નવકારવાળી જે પ્રમાણે જપવાની કહી હોય તે પ્રમાણે નાસિકાના અગ્ર ભાગે કે પ્રતિમા–છબી–સામે ગોઠવી હોય તેના પ્રત્યે દ્રષ્ટી રાખી સ્થીર ચિત્તથી જપ કરવો જ્યા જ્યા ધુપ લખ્યો હોય ત્યા ધુપ કરવો ને દીવો (દીપક) લખ્યો હોય ત્યા સ્વચ્છ ચોખ્ખા ઘીનો દીવો આગળ બળતો રાખવો વશીકરણ વિદ્યામા મુખ ઉત્તર દિશા તરફ રાખીને બેસવુ અને લાલ મણકાની માળા વચલી આગળીપર રાખી અગુઠાવડે ફેરવવા, આસન ડાભનુ લેવુ સફેદ ધોતીઉ પહેરવું ને સફેદ અતરવાસિઉ રાખો ડાબા હાથે જપ કરવા. લક્ષ્મી મેળવવા ધધા રોજગારમા લાભ થવા વીગેરે સારૂ પૂર્વ કે દક્ષિણ દિશા તરફ મુખ રાખો પદ્માસને બેસી લાલ રગની માળા, લાલ અંતરવાસિઉ ને લાલ રગનુ ઉનનુ કે મખમલનુ આસન લેઇ જમણા હાથે જપ કરવા

સ્થભન એટલે દુશ્મન વીગેરેને રોકવુ એ કામમાં મુખ પૂર્વ દિશા તરફ રાખવું. માળા સોનાની અથવા પોખરાજની વાપરવી. આસન પીળા રંગનું, જમણા હાથે વચલી આંગળીને અગુઠા વડે માળા ફેરવવી ઉચ્ચાટનમાં મુખ વાવ્ય દિશામાં રાખવું. માળા પાનાની

હરિયાળા રંગની લેવી. આસન ડાભનું, મંત્ર જમણા હાથની તર્જની આંગળીને અંગુઠા વડે માળા ફેરવવી શાંતિકામાં મુખ વારૂણી યાને પશ્ચિમ દિશા તરફ રાખી, મોતીની અથવા સફેદ રંગની માળા અ-નામિકા નાની આંગળીની પાસેની તથા અંગુઠા વડે ફેરવવી. આસન ડાભનું કે ધોળા રંગનુ રાખે ને સફેદ કપડા પહેરવા ઓઢવામાં લેવાં. પૌષ્ટિકમાં નૈઋત્ય દિશા તરફ મુખ રાખી ડાભના આસન પર બેસી, મોતીની કે સફેદ રગની માળા અનાયિકા આગળીને અંગુઠા વડે જપ કરવા. વસ્ત્ર સફેદ વાપરવા. મત્ર સાધતા સવા લાખ જપ જેટલા દિવસમાં પોતાનાથી થઇ શકે તેટલા દિવસમા પૂરા દરરોજ નિયમિત વખતે શુદ્ધતા પૂર્વક કરવાથી મંત્ર સાધ્ય થાય છે. ત્યારપછી જ્યારે જરૂર પડે ત્યારે ૧૦૮ વાર અથવા ૨૧ વાર જપ્યા જેટલા લખ્યા હોય તેટલી વાર જપવાથી તે કાર્ય સિદ્ધ થાય છે. ખાવા પીવામાં શુદ્ધતા રાખવી. સ્ત્રી સંગ કરવો નહીં. જમીનપર ડાભની કે પાતળા વસ્ત્રની પથારી કરી સુવું શુદ્ધ આચાર વિચાર રાખવા. મંત્ર જપવાનુ સ્થાન એકાંતમાજ શુદ્ધ ભૂમિપર રાખવું. મંત્ર જપતાં પહેલાં રક્ષા મંત્ર જપી પોતાની રક્ષા કરવી. એટલે કોઇ જાતના દેવ, દેવી, ભૂત પ્રેત, વાઘ, સાપ, વીછી વીગેરે ભયંકર રૂપ લેઈ ડરાવે નહી તેમ તેવાં રૂપથી ડરવું પણ નહીં. ડરવાથી નુકશાન થાય છે. વાસ્તે સાવચેત રહેવું. મંત્ર જપતા લુગડાં રેશમ, ઉન કે સુ-તરનાં હોય, પરંતુ શુદ્ધ જોઇએ એ લુગડાં પહેરીને પેસાબ કરેલો કે જમવા બેઠેલા ન હોય. તેમ જપ કરતાં કરતાં ઉઠવુ બેસવું કે કોઇની સાથે વાતચિત વીગેરે કોઇપણ પ્રકારના બીજા કામ ન કરવાં જોઇએ. આટલી સૂચનાઓ ખાસ ધ્યાનમાં રાખવી.

नमो अरहंताणं ॥ नमो सिद्धाणं ॥
नमो आइरियाणं ॥ नमो उवज्झायाणं ॥
नमो लोअ सव्व साहूणं ॥

આ નવકાર મંત્ર સ્વર્ગ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. એનાથી અનેક જીવોનું કલ્યાણ થયુ છે. એના સ્મરણ માત્રથી દરેક પ્રકારનાં વિઘ્નો નાશ પામે છે. એના ૩૫ અક્ષર છે પહેલા ચરણમાં ૭ અક્ષર છે. બીજા ચરણમા ૫ અક્ષર છે. ત્રીજા ચરણમાં ૭ અક્ષર છે ચોથા ચરણમાં ૭ અક્ષર છે. અને પાંચમા ચરણમાં ૯ અક્ષર છે એમ એકંદરે ૩૫ અક્ષર થાય છે. એના પહેલા ચરણની૧૧, બીજા ચરણની ૯, ત્રીજા ચરણની ૧૧, ચોથા ચરણની ૧૨, અને પાંચમા ચરણની ૧૫ મળી કુલ ૫૮ માત્રાઓ છે.

આ નવકાર મંત્રના લૌકિક કાર્યની સિદ્ધિ સારૂ ૪૬ સ્વરૂપ છે એટલે તે ૪૬ પ્રકારે–જુદી જુદી રીને જપ કરવાના કામમા આવે છે અને જે વખત જેવુ કાર્ય તે પ્રમાણમાં બીજા અક્ષરો આગળ પાછળ કે વચમાં ઘટાડવા વધારવાથી એનાં ૪૬ સ્વરૂપ–મંત્ર બને છે અને એ બધાની વિધિઓ પણ જુદા જુદા પ્રકારની હોય છે

જે કાર્યની સિદ્ધિ જે મંત્ર જપવાથી થાય છે તેજ મંત્ર તે કાર્યની ફળ પ્રાપ્તીમાં કામ આવે છે આ ૪૬ મત્રના પ્રકાર મહાન આચાર્ય મહારાજો જાણતા હતા અને તેઓ એકદમ કોઇને પણ બતાવતા નહોતા. કદાપી કોઈ દુઃખી

જૈન-શ્રાવકને દેખીને દયા ભાવથી ફક્ત તેનું દુઃખ નિવારણ કરવા સારૂ તેના લાયક એકાદ મંત્ર ને વિધિ બતાવતા હતા. આ ૪૬ સ્વરૂપમાં ૯ મંત્રો તો એવા ચમત્કારિક હતા કે જે નહિ માની શકાય તેવા અલૌકિક હતા, પરંતુ કળીયુગના જીવોમાં સમતા ગુણ ન જોવાથી એ મહા શક્તિમાન મંત્રોનો લોપજ કરી દીધો. બાકીના ૩૭ રહ્યા તે મુનિ રહેવાથી ભટ્ટારકોના હાથમાં ગયા. તે ભટ્ટારકોની જે સેવા-ચાકરી-કરતા હતા તેમને તેઓ કાંઇક બતાવતા હતા.

आंगळीओना नाम.

अंगूठाने अंगुष्ट कहे छे.

अंगूठानी जोडेनी आंगळीने तर्जनी कहे छे.

त्रीजी याने वचली आंगळीने मध्यमा कहे छे.

चोथी आंगळीने अनामिका कहे छे.

पांचमी आंगळीने कनीष्टा कहे छे.

કોઇપણ મંત્ર સાધવા બેસો ત્યારે હમેશાં પ્રથમ ની બતાવેલો રક્ષામંત્ર જપવો. એટલે તમને મંત્ર સાધના વ. કોઇ દેવ, દેવી કે વ્યંતર ઉપદ્રવ નહીં કરે અને ધ્યાન વિઘ્ન થાય નહીં.

રક્ષા મંત્ર.

नमो अरहंताणं शिखायां.

એમ બોલીને જમણો હાથ માથા ઉપર ફેરવવો.

नमो सिद्धाणं मुखावर्णे

એમ બોલીને મોઢાપર હાથ ફેરવવો.

नमो आइरियाणं अंग रक्षा

એમ બોલીને શરીરપર હાથ ફેરવવો.

नमो उवज्झायाणं आयुधं

આમ બોલીને ધનુષ્ય બાણ તાકતા હોઇએ તેમ કરવું.

नमो लोए सव्व साहूणं मौर्व्वीं

આમ બોલી દુશ્મનને તરવાર દેખાડતા હોઇએ તેમ કરે.

ऐसो पंच नमोकारो पद तले वज्र शिला

આમ બોલીને ચારે તરફ જે આસનપર બેઠા હોઇએ તે આસનપર હાથ ફેરવી મનમાં ધારવું કે 'હું વજ્રશિલાપર બેઠો છું' તેથી જમીનમાંથી કે પાતાળમાથી કંઇ વિઘ્ન થનાર નથી.

सव्व पाप पणासणो वज्रमय प्राकाराश्च तुदिक्षु

આમ બોલી, મનમાં એવું ધારવું 'મારી ચારે તરફ લોખંડનો કોટ છે.' આ વખતે આપણા આસનની આસપાસ ચારે તરફ આંગળીવતી ગોળ લીટી દોરવી.

मंगलाणंच सव्वेसिं शिखादि सव मांखातिकां

આમ બોલી મનમાં વિચારો કે લોખંડના કોટની પાછળ ફરતી ખાઇ-ખાડી છે.

पढमं हवइ मंगलं प्राकारो परि वज्रमय टंकणिकं

આમ બોલી, સંકલ્પથી જે આપણી આસપાસ વજ્રમય કોટ કલ્પ્યો છે તેને ટકોરી મારતા હોઇએ એમ કરો. એનો ભાવાર્થ એ કે ઉપદ્રવ કરનારા ચાલ્યા જાઓ. વજ્રમય કોટમાં વજ્રશિલાપર નિર્ભયપણે મારી રક્ષા કરીને બેઠો છું.

આ રક્ષા મંત્રના પ્રતાપે કોઇપણ પ્રકારનું વિઘ્ન નહિ આવે; અને આપણો જપ નિર્ભયતાથી કરવાને ઉત્સાહ વધશે.

રક્ષા મંત્ર બીજો.

ॐ नमो अरहंताणं ह्रां हृदयं रक्षरक्ष हुंफट् स्वाहा.

ॐ नमो सिद्धाणं ह्रीं सिरो रक्षरक्ष हुंफट् स्वाहा.

ॐ नमो आइरियाणं ह्रीं शिखां रक्षरक्ष हुंफट् सवहा.

ॐ नमो उवज्झायाणं ह्रै एहि एहि भगवति
वज्र कवच वज्रिणि रक्षरक्ष हुंफट् स्वाहा.

ॐ नमो लोए सव्व साहूणं ह्रः क्षिप्रं साधय
साधय वज्र हस्ते शूलिनि दुष्टान् रक्षरक्ष हुंफट् स्वाहा.

જ્યારે કોઇ અચાનક ઉપદ્રવ આવી પડે એટલે ખાતા પીતાં; મુસાફરીમાં જતા આવતા કે સુતા ઉઠતા કાંઇક આ-

ફત આવે ત્યારે તરત આ મંત્રનું મનમાં વારંવાર સ્મરણ કરવાથી ઉપદ્રવ સમી જાય. અને આપણો જીવ બચે.

રક્ષા મંત્ર ત્રીજો.

ॐ नमो अरहंताणं ॥ ॐ नमो सिद्धाणं ॥
ॐ नमो आइरियाणं ॥ ॐ नमो उवज्झायाणं ॥
ॐ नमो लोए सव्व साहूणं ॥ एसो पंच नमोकारो ॥
सव्व पाव पणासणो ॥ मंगलाणं च सव्वेसिं ॥
पढमं हवइ मंगलं ॥ ॐ ह्रीं हुं फट् स्वाहा.

રક્ષા મંત્ર ચોથો.

ॐ नमो अरहंताणं

આ પદ નાભિમાં ધારવું.

ॐ नमो सिद्धाणं

આ પદ હૃદયમાં ધારવું.

ॐ नमो आइरियाणं

આ પદ કંઠમાં ધારવુ

ॐ नमो उवज्झायाणं

આ પદ મુખમાં ધારવું.

ॐ नमो लोए सव्व साहूणं

આ પદ મસ્તકમાં ધારવું.

सर्वांगे अम्हं रक्ष हिल हिल मातंगिनि स्वाहा.

આ પ્રમાણે ૧૦૮ ને વેળા મનમાં જપવાથી ઉત્તમ રીતે શરીરની રક્ષા થાય છે.

શુભા શુભ જાણવાનો મંત્ર.

ॐ ह्रीं अर्हं क्ष्वीं स्वाहा

કોઇપણ કાર્યમાં લાભ હાની થશે કે કેમ? તે જાણવું હોય ત્યારે રાત્રે કપાળે ચંદન ચોપડી તે સુકાઇ જાય એટલે ૧૦૮ વખત આ મંત્ર જપી ભગવંત સ્મરણ કરતા કરતાં જમીનપર સેત્રજી પાથરી સુઈ રહેવુ. એટલે સ્વપ્નામાં તે કામના ફળની ખબર પડશે.

અગ્નિ શાંત કરવાનો મંત્ર.

ॐ नमो ॐ अ ँ अ सि आ उ सा नमो अरहंताणं नमः

એક લોટામાં ચોખ્ખુ પાણી ભરી ૨૧ વખત આ મંત્ર ભણીને તેના પર ફુંકો મારવી. ત્યાર બાદ જ્યાં લ્હાય લાગી હોય તે જગ્યાની અગ્નીપર એમાંથી ચાંગળાંમાં પાણી લેઇને છુટું છુટું છાટવું તથા આગ બહુજ જોરમાં હોય તો આગની આસપાસ ગોળ કુંડાળું આ પાણીની ધારથી કરવાથી આગળ વધતી નથી. આ મંત્ર ૧૦૮ વખત અમસ્તો જપવાથી પણ એક અપવાસનું ફળ–પુન્ય થાય.

માથાંના રોગ મટાડનાર મંત્ર.

ॐ नमो अरहंताणं ॐ नमो सिद्धाणं
ॐ नमो आइरियाणं, ओम् नमो उवज्झायाणं
ओम् नमो लीए सव्व साहूणं, ओम् नमो णाणाय,
ओम् नमो दंसणाय, ओम् नमो चरित्ताय,
ओम् ह्रीं त्रैलोक्य वश्यं करी ह्रीं स्वाहा

એક વાડકી, પ્યાલી કે લોટીમાં ચોખ્ખુ પાણી ભરી ૨૧ વખત આ મત્ર ભણી તે પાણીને ફુંકો મારી મંતરવું ને જેને આધાશીશી કે માથું દુખતું હોય તેને પાવાથી દરદ શાંત થાય છે.

તાવનો મંત્ર.

ओम् नमो लोए सव्व साहूणं ओम् नमो उवज्झायाणं ओम् नमो आइरियाणं ओम् नमो सिद्धाणं ओम् नमो अरहंताणं ऐं ह्रीं

આ પ્રમાણે ૧૦૮ વાર જપ કરી એક કોરી ચાદરના ખુણાને મસળતા જવું ને છેવટે તેને ગાંઠવાળી દેવી. પછી તે ચાદરનો ગાંઠનો ભાગ તાવ આવતો હોય તેના માંથા તરફ રાખીને ઓરાડવું. આ પ્રમાણે રોજી દો એકાંતરીઓ. ચોથીઓ કે ટાહાડીયો ગમે તેવો તાવ હશે તો પણ મટશે.

વિદ્યા પ્રાપ્તિ મંત્ર.

ओ ह्रीं अ सि आ उ सा
नमो ह्रूंवादिनि सत्यवादिन
वाग्वादिनि वद वद मम वक्रेठयत्क
बाचया सत्यं ब्रूहि ब्रूहि सत्यं वद
अस्खलित प्रचार सदैव मनुजा
सुरसदसि ह्रीं अर्हं असि आउसा नमः

આ મંત્રનો એક લાખ વખત જપ કરી સિદ્ધ કરવો અને પછી જ્યારે અભ્યાસ કરવા બેસે ત્યારે ૨૧ વખત જપે તથા પરિક્ષા આપવા જાય ત્યારે પણ ૧૦૮ વખત જપાને જવાથી પરિક્ષામાં પણ પાસ થાય તેમજ વાદવિવાદમાં પણ જીત થાય.

વાદ જય મંત્ર

ओम् हंसः ओम् अर्हं ऐं
श्रीं असि आउसा नमः

આ મંત્ર સવા લાખ વખત જપી સિદ્ધ કરવો ત્યાર પછી જ્યારે કામ પડે ત્યારે ૨૧ વખત જપવાથી વાદમાં જય પ્રાપ્તિ થાય.

પ્રદેશ લાભ મંત્ર.

ओम् नमो अरहतांणं ॥ ओम् नमो चंगवईए॥ चंदा यईए सतट्ठाए
गिरे मोर मोर हुल हुल चुलु चुलु मयरवाहिनि

જ્યારે પ્રદેશમાં વેપાર રોજગારમાં ધન મેળવવા સારૂ જવું હોય તે પહેલાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના સામે ઉભા રહી દશ હજાર વખત આ મંત્ર જપી શુભ મહુર્તમાં જવું. જતી વખતે પણ ૧૦૮ વખત જપ કરવો. તથા તે ગામમાં પેસતાં પણ ૧૦૮ વખત જપવો. એથી મન વાંચ્છિત લાભ થાય

ચેતવણી–જે ગામે રોજગાર સારૂં જવું હોય ત્યાં મંગળવારે તે ગામમાં પ્રવેશ ન કરવો એ ખાસ યાદ રાખવું. મંગળવારે પ્રવેશ કરવાથી લાભને બદલે હાની–નુકશાન થાય છે.

વશીકરણ મંત્ર.

ओम् ह्रीं नमो अरहंताणं
ओम् ह्रीं नमो सिद्धाणं
ओम् ह्रीं नमो आ.रियाणं
ओम् ह्रीं नमो उवज्झायाणं
ओम् ह्रीं नमो लोए सव्व साहूणं
अमुकं ममवशां कुरु कुरु स्वाहा

જ્યારે કોઇ રાજા, વજીર કે કોઇ મ્હોટા શ્રીમાન માણસને વશ કરવો હોય ત્યારે પહેલાં સવા લાખ જપથી આ મંત્ર સિદ્ધ કરીને પછી જે પાઘડી, ટોપી કે ફેટો માથે

બાંધતા હોઇએ તેને ૨૧ વાર આ મંત્ર જપી ફુંક મારવી અને પછી તે પહેરીને તેમના ત્યા જવાથી તેઓ આપણા પ્રત્યે મેહેરબાની રાખતા થાય છે.

સ્વ સ્ત્રી વશીકરણ મંત્ર.

ओम् नमो अरहंताण अरे अरणि मोहणि

अमुकं माह्य मोह्य स्वाहा.

જો કોઇપણ કારણથી આપની સ્ત્રી આપણા વશમાં ના રહેતી હોય ત્યારે આ મંત્રનો એક લાખ જપ કરી સિદ્ધ કરવો ને પછી ૧૦૮ વખત આ મત્ર જપી ફુલ કે ચોખાના દાણા મંત્રી તેના માંથાપર નાખવાથી આપણા વશ થાય. મંત્રમાં અમુક શબ્દ છે ત્યાં આપણી સ્ત્રીનું નામ બોલવું. પરસ્ત્રી વશીકરણમાં આ મત્ર વાપરનાર લાભને બદલે નુકશાન પામે છે. એ ખાસ યાદ રાખવું જોઇએ.

કાર્ય સિદ્ધિ મંત્ર.

ओम् ह्रां ह्रीं ह्रूं ह्रौ ह्रः असि आउसा स्वाहा.

જે કાર્યની સિદ્ધિ મેળવવી હોય તે કાર્ય મનમાં ચિંતવવું અને આ મંત્રનો જપ સવા લાખ વખત કરવો. અને જ્યાં સુધી જપ ચાલે ત્યાં સુધી શુદ્ધ દશાંગ ધુપ સળગતો ચાલુ રાખવાથી લાભ થશે.

ભૂત પ્રેત નિવારણ મંત્ર.

ॐ ह्रीं असि आउसा सर्व दुष्टान् स्तंभय स्तंभय मोह्य मोह्य अंधय अंधय मूकवत्कारय कुरु कुरु ह्रीं दुष્टान् ठः ठः ठः ठः

જ્યારે કોઈ સ્ત્રી અથવા બાળકને ભૂત પ્રેત ચુડેલ ડાકયણનો વળગાડ થયો હોય ત્યારે ૧૦૮ વખત આ મંત્ર બોલીને સવારે તથા સાયંકાળે ઉંજવાથી તે સ્ત્રી બાળક પીડામાંથી છુટે.

દ્રવ્ય પ્રાપ્તિ મંત્ર.

अर्हंत सिद्ध आइरिय उवज्झाय सव्व साहूणं

આ મંત્રનો વિધિ પૂર્વક સવા લાખ જપ કરે તો દ્રવ્ય પ્રાપ્તિ થાય.

સર્વ સિદ્ધિ મંત્ર.

अ सि आ उ सा नमः

આ મંત્રનો સવા લાખ જપ કરવાથી સિદ્ધ થાય. અને રોજ ૧૦૮ મણકાની નવકારવાળી ગણવાથી ઉત્તમ લાભ મળે.

પુત્ર સંપદા પ્રાપ્તિ મંત્ર.

**ॐ ह्रीं श्रीं ह्री क्लीं अ सि आ उ सा
चुलु चुलु हुलु हुलु मुलु मुलु
ईच्छियंमे कुरु कुरु स्वाहा
त्रिभुवन स्वामिनि विद्या.**

આ મંત્ર ચોવીસ હજાર ફુલો ઉપર જપવો. એટલે એક મંત્ર એક ફુલ ઉપર એ પ્રમાણે જપતા સ્વચ્છ ઘીનો દીવો તથા ધુપ જપ કરીએ ત્યાં સુધી સળગતો રાખવો. એટલે ધન, દોલત, સ્ત્રી, પુત્ર, મકાન વીગેરે સર્વ પ્રકારે સુખ આવી મળે છે. પરંતુ શ્રદ્ધા પૂર્વક નિયમિત જપ કરવો જોઇએ.

મંત્ર બીજો.

ओम् अरहंताणं, सिद्धाणं, आइरियाणं, उवज्झायाणं,
साहूणं मम रिद्धि बृद्धि समाहित कुरु कुरु स्वाहा.

સવાર, બપોર ને સાંજે ત્રીકાળ નાહી શુદ્ધ થઇ આ મંત્રનો ૧૦૮ વખત જપે એ પ્રમાણે ૨૧ દીવસ લાગટ જપ કરવાથી સર્વ પ્રકારે લાભ થાય અને મન વાંચ્છિત ફળ મળે.

મંત્ર ત્રીજો.

ओम् नमो अरहंताणं ॥ ओम् नमो सिद्धाणं ॥
ओम् नमो आइरियाणं ॥ ओम् नमो उवज्झायाणं ॥
ओम् नमो लोए सव्व साहूणं ॥ ओम् ह्रां ह्रीं ह्रौं ह्रः स्वाहा ॥

આ મંત્રનો સવા લાખ વખત જપ કરવાથી સિદ્ધ થાય છે. અને પછી દરરોજ ૧૦૮ વખત જપ કરવાથી લક્ષ્મી મળે તથા લોકોમાં યશ-કીર્તિ વધે છે.

આ મંત્રો જૈન ભાઇઓ તથા બ્હેનોએ જપતાં સુધી ધાર્મિક શુદ્ધિઓ સાચવવી. પ્રભુ પુજા, ભાવનામાં પ્રેમ પૂર્વક શ્રદ્ધા

રાખવી, શુદ્ધ આચાર વિચાર રાખવા, સત્કાર્યો કરવાં, સાધુ સાધવીજીનો વિનય કરવો તોજ સારો લાભ મળશે.

દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય.

જે નિર્ધન હોય અને તેણે દ્રવ્ય મેળવવાની ઈચ્છા હોય તો દર બુધવારે હજામત કરાવવી. એ સિવાય બીજા કોઈપણ વારે હજામત કરાવવી નહીં તથા સહવારમાં ઉઠીને નવકાર મંત્ર મનમાં ભણીને રૂપાનાણું જમણા હાથની હથેલીમાં રાખી દર્શન કરે તો તે ધીમે ધીમે સુખી થાય.

ફુલોનાં ગુણ.

ધોળા રંગનાં ફુલ ભગવાનને ચડાવવાથી શાંતિકારક.
પીળાં રંગનાં ફુલ ભગવાનને ચડાવવાથી લાભદાયક.
રાતા રંગનાં ફુલ ભગવાનને ચડાવવાથી મંગળિક ફળ મળે છે.
પંચવર્ણી રંગનાં ફુલ ભગવાનને ચડાવવાથી સિદ્ધિદાયક.

અગત્યના નિયમો.

પૂર્વ દિશાએ મુખ રાખીને ન્હાવા બેસવું લાભદાયક છે.
પશ્ચિમ દિશાએ મુખ રાખીને દાતણ કરવામાં લાભ છે.
ઉત્તર દિશાએ મુખ રાખીને વસ્ત્ર પહેરવામાં લાભ છે.
પૂર્વ તથા ઉત્તર મુખ રાખીને દેવ પુજા કરવામાં લાભ છે.
દેવની જમણી બાજુએ ઘીનો દીવો ફાનસમાં રાખવો.
દેવની ડાબી બાજુએ સુગંધીદાર ધુપદાણી મુકવી.
દેવની સેવા કરતાં ડાબી બાજુએ ઉભા રહીને સેવા કરવી.

सर्वेपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः;
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित्पापमाचरेत्.

ભાવાર્થઃ—સર્વ કોઇ પ્રાણી સુખી થાઓ, સર્વ જીવો નિરોગી થાઓ, સર્વ પ્રાણીઓ કલ્યાણ પામો, કોઇપણ જીવ પાપનું આચરણ ન કરો !

श्री परमेष्ठिपरमानंदस्तव छंद.

(દોહા.)

ૐ નમો અરિહતાણ, ઇમ પાંચે પદ માંય,
ૐ હ્રાં હ્રીં શ્રી હ્રૂં સ્વાહા, જપતાં હ્રીં શ્રી થાય. ૧
(૧૦૮) અ સિ આ ઉ સા૦

(ત્રિભંગી છંદ.)

પ્રણમું સરસતિ, હોય વર મતિ, ચિત્ત ઉલ્લસે અતિ, ગુણ શુણવા,
શુદ્ધ ભાવે ધ્યાવે, સો સુખ પાવે, એક ચિત્ત થાવે, યશ સુણવા;
જય જય પરમેષ્ઠી, જગમેં શ્રેષ્ઠી, દે પદ જેષ્ઠી, જગધારં,
ત્રિજગ મઝારં, નામ ઉદાર, જય સુખકાર, નવકારં.–એ આંકણી
બારે ગુણવંતા, શ્રી અરિહંતા, લોક મહંતા, ગુણ ગહેરા,
ઘનઘાતિ કર્મ, મિથ્યાભર્મ, ત્યાગ અધર્મ, વિપ લહેરા;
શુક્લ મન ધ્યાયા, કેવળ પાયા, ઇંદર આયા, તિણ વારં—શ્રી ૨
વર પર્ષદા બારે, હર્ષ અપારે, શુણિ અવધારે, જિનવાણી,
અમૃત શુ પ્યારી, જગ હિતકારી, સુર નરનારી, પહેચાણી;
કેઇ સંયમ ધારે, કેઈ વ્રત બારે, કર્મ વિદારે, શિવ ત્યારી.—શ્રી. ૩
દ્વિતીય પદ ધ્યાવો, સિદ્ધ ગુણ ગાવો, ફિર નહિ આવો, જિહાં જાઇ,
જે અલખ નિરંજન, ભવિ મનરંજન, કર્મકે અંજન, શિવ સાંઈ;
પુદ્ગળકા ફંદા, દૂર નિકંદા, પરમાનંદ, અવિકારં—શ્રી. ૪

અષ્ટગુણ કે ધારે, જગત નિહારે, કાળ ન મારે, ઉન તાઇં,
જિહાં સુખ અનંતા, કેવળવંતા, ગુણ ઉચરંતા, છે નાઇં;
નિજ વાસ બતાઇ, ઘો મુજ તાઇ, તુમસા નાઇ, દાતારં—ત્રી. ૫
ગણિવર પદ ત્રીજે, નિત્ય નમીજે, સેવા કીજે, હર્ષ ધરી,
પંચ મહાવ્રત પાળે, દૂષણ ટાળે, ગજ જિમ મહાલે, શૂર હરી,
પાંચે વશ કરતે, પંચ ઉતરતે, પાચુઇ હરતે, દુખકાર.—ત્રી ૬
શીતળ જિમ ચંદા, અચળ ગિરિંદા, ગણપતિ ઇંદા, શિરદાર,
સાગર જિમ ગહેરા, જ્ઞાન લહેરા, મિથ્યા અંધેરા, પરિહાર;
સંપદ વસુ પાવે, ન્યાય બતાવે, પાળે પળાવે, આચાર.—ત્રી. ૭
ગુરુ સેવા સાધી, વિનય આરાધી, ચિત્ત સમાધી, જ્ઞાન ભણે,
બારે અંગ વાણી, પેટી સમાણી, પૂરવ નાણા, સંચય હણે.
નિરવદ્ય સત્ય ભાખે, શાસ્તર સાખે, ગુણ અભિલાખે, નિજસાર—ત્રી ૮
ઉવઝાયા સ્વામી, અંતરજામી, શિવગતિ ગામી, હિતકારી,
શીખણને આવે, જોગ શિખાવે, ન્યાય બતાવે, ઉપકારી;
દુર્ગતિમા પડતો, કાદવ ગડતો, ચિત કરે ચડતો, તિણ વારં—ત્રી. ૯
કંચુક અહિ ત્યાગે, દૂરે ભાગે, તિમ વૈરાગે, પાપ હરે,
જુદા પરછંદા, મોહની ફંદા, પ્રભુકા બંદા, જોગ ધરે;
સબ માલ ખજીના, ત્યાગન કીના, મહાવ્રત લીના, અણગારં—ત્રી ૧૦
પાળે શુદ્ધ કરણી, ભવજળ તરણી, આપદ હરણી, દષ્ટિ રખે,
બોલે સત્ય વાણી, ગુપ્તિ ઠાણી, જગકા પ્રાણી, સમ લેખે;
શિવમારગ ધ્યાવે, પાપ હઠાવે, ધર્મ બતાવે, સત્ય સાર—ત્રી ૧૧
એ પ્રણમે ભાવે, વિઘ્ન હઠાવે, અરિ હરિ જાવે, દૂર સહી,
જે તપ તેજારી, દુ:ખ બિમારી, શોગ સવારી આત નહી;
ગ્રહ પીડા ભાગે, દૃષ્ટિ ન લાગે, શત્રુ ન જાગે, લીગારં—ત્રી. ૧૨

એહ મંત્રજ નીકો, તારક જીકો, ત્રીજગ ટીકો, સુખદાતા,
એ મત્ર કરારી, મહિમા ભારી લહે નરનારી, સુખશાતા;
સરજી વનવેલી, દે ધન ઠેલી, ભવે ભવે કેલી, યહ સાર.—ત્રી. ૧૩
પદ્માસન વાળી, રગ નિહાળી, આરતિ ટાળી, ધ્યાન ધરે,
ત્રિલોક પયપે, ભાવશુ જપે, ઋદ્ધિ સિદ્ધિ સપે, જેહ ધરે,
એહ છદ ત્રીભગી, ગાવે ઉમગી, ભવભય સગી, જયકાર —ત્રી. ૧૪

શ્રી તાવનો છંદ.

(દોહા.)

નમો આનંદપુર નગર, અજયપાળ રાજન,
માતા અજયા જનમિયો, જવર તું કૃપાનિધાન. ૧
સાત રૂપ શક્તિ હુઓ, કરવા ખેલ જગત,
નામ ધરાવે જૂજૂવા, પ્રસયો તું ઇત ઉત્ત. ૨
એકાતતરો, બેયાતરો, ત્રઇયો ચોથો તામ;
શીત ઉષ્ણ વિષમજવરો, એ સાતે તુજ નામ. ૩

છંદ.

એ સાતે તુજ નામ સુરંગા, જપતા પૂરે કોડિ ઉમગા,
તે નામ્યા જે જાલિમ જુગા, જગમા વ્યાપી તુજ જસ ગંગા. ૪
તુજ આગે ભૂપતિ સબ રકા, ત્રિભુવનમા વાજે તુજ ડકા;
માને નહિ તું કેહની શકા, તૂઠયો આપે સોવન ટંકા. ૫
સાધક સિદ્ધ તણા મદ મોડે, અસુર સુરા તુજ આગળ દોડે,
દુષ્ટ ધિઠ્ઠના કધર તોડે, નમિ ચાલે તેહને તુ છોડે. ૬
આવતો થરહર કપાવે, ડાહ્યાને જિમ તિમ બહકાવે;
પહિલો તું કેડમાથી આવે, સાત શિખર પણ થાત ન આવે. ૭

હીં હીં હું હુંકાર કરાવે, પાંસળિયાં હાડાં કડડાવે;
ઉનાળે પણ અમલ જગાવે, તાપે પહિરણમાં મુતરાવે. ૮
આસો કાર્તિકમાં તુજ જોરો, હઠયો ન માને ધાગો દોરો;
દેશ વિદેશ પડાવે સોરો, કરે સબળ તું તાતો તોરો. ૯
તું હાથીનાં હાડાં ભંજે, પાપીને તાડે કર પંજે;
ભક્તવત્સલ ભાવે જો રંજે, તો સેવકને કોય ન ગંજે. ૧૦
કોડક તોડક ડમરૂ, ડાકં, સુરપતિ સરિખા માને હાકં;
ધમકે ધૂંસડ ધાસડ ધાકં, ચઢતો ચાલે ચંચળ ચાક. ૧૧
પિશુન પડાછણ નહી કો તોથી, તુજ જસ બોલ્યા જાય ન કોથી;
સી અણખોલ કરો એ થોથી, મહેર કરી અળગા રહો મોથી. ૧૨
ભક્તથકી એવો કા ખેડો, અવલ અમિના છાંટા રેડો;
લાખા ભક્તનો એ નિવેડો, મહારાજ મૂકો મુજ કેડો. ૧૩
લાજવશો મા અજયા રાણી, ગુરુ આણ માનો ગુણ ખાણી;
ઘરે સિધાવો કરુણા આણી, કહું છું નાકે લીટી તાણી. ૧૪
મંત્ર સહિત એ છંદ જે પઢશે, તેહને તાવ કદી નવિ ચઢશે;
કાંતિ કળા દેહી નિરોગ, લહશે લખમી લીલા ભોગ. ૧૫

કળશ છપ્પય.

ૐ નમો ધરિ આદ, બીજ ગુરૂ નામ વંદીજે;
આનંદપુર અવનીશ, અજયપાળ આખીજે,
અજયા જાત અઢાર, વાંચિયે સાતે બેટા.
જપતા એહિજ જાપ ભક્તશું ન કરે ભેટા;
ઉતરે ચાંગો અંગ, પગમે તુજ વયણે મુના,
કહે કાંતિ રોગ નાવે કદી સાર મંત્ર ગણિયે સદા. ૧૬

એ છંદ સાત વાર, ચા વાર અથવા એકાદશ વાર સાંભળે અથવા ગણે, તો તાવ જતો રહે.

શ્રી શાંતિનાથનો છંદ.

શારદ માય નમું શિર નામી, હું ગુણ ગાઉ ત્રિભુવનકે સ્વામી;
શાંતિ શાંતિ જપે સબ કોઇ, તે ઘેર શાંતિ સદા સુખ હોઇ. ૧
શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ હોવે અભિરામ;
શાંતિ જપી પરદેશ સધાવે, તે કુશળે કમળા લેઇ આવે. ૨
ગર્ભથકી પ્રભુ મારિ નિવારી, શાંતિજી નામ દિયો હિતકારી;
જે નર શાંતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે. ૩
જે નરકું પ્રભુ શાંતિ સહાઇ, તે નરકું કયા આરતિ ભાઇ;
જો કછુ વંછે સોહી પૂરે, દુઃખ દારિદ્ર મિથ્યામતિ ચુરે. ૪
અલખ નિરંજન જ્યોત પ્રકાશી, ઘટ ઘટ અંતરકે પ્રભુ વાસી;
સ્વામી સ્વરૂપ કહ્યુ નવિ જાય, કહેતા મુજ મન અચરિજ થાય. ૫
ડાર દીયે સબ હી હથિયારા, જીત્યા મોહતણા દળ સારા;
નારી તજી શિવશું રંગ રાચે, રાજ તજ્યો પણ સાહિબ સાચે. ૬
મહા બળવંત કહી જે દેવા, સાયર કુંથુ એક હણેવા;
ઋદ્ધિ સયળ પ્રભુ પામ લહીજે, ભિક્ષા આહારી નામ કહીજે. ૭
નિંદક પુજક સમભાયક, પણ સેવક હોકું સુખ દાયક;
તજી પરિગ્રહ ભયે જગનાયક, નામ અતિથિ સત સિદ્ધ લાયક. ૮
શત્રુ મિત્ર સમાચિત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે;
સરળ જીવ હિતવંત કહીજે, સેવક જાણી મહાપદ દીજે. ૯
સાયર જેસા હોત ગંભીરા, દૂષણ એક ન માહે શરીરા;
મેરૂ અચળ જિમ અંતરજામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી. ૧૦
લોક કહે જિનજી સબ દેખે, પણ સપનાંતર કબહુ ન પેખે;
રીસ વિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા. ૧૧
માન વિના જગ આણ મનાઇ, માયા વિના શિવશું લય લાઇ;
લોભ વિના ગુણ રાશિ ગ્રહીજે, ભિક્ષુ ભયે ત્રિગડો ઠવીજે. ૧૨

નિર્ગ્રંથપણે શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે;
અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિદારણ. ૧૩
શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સવેકો મૂળ ખણીજે,
ચઉવિહ સંઘહ તીરથ થાપે, લચ્છી ધણી દેખે નવિ આપે ૧૪
વિનયવંત ભગવંત કહાવે, નાહો કીસીકુ શીશ નમાવે;
અકચનકો બિરૂદ ધરાવે, પણ સોવનપદ પંકજ ઠાવે. ૧૫
રાગ નહી પણ સેવક તારે, દ્વેષ નહી નિગુણા સગ વારે;
તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવરમણીકો સાથ ચલાવે, ૧૬
તેરા મહિમા અદ્ભુત કહીયે, તેરા ગુણકો પાર ન લહીયે;
તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હું મનમોહન સેવક તેરા. ૧૭
તુંરે ત્રિલોકતણો પ્રતિપાળ, હું રે અનાથ ને તુરે દયાળ;
તુ શરણાગત રાખણ ધીરા, તું પ્રભુ તારક છે વડવીરા. ૧૮
તુંહિ સમો વડભાગજ પાયો, તો મેરો કાજ ચડ્યો રે સવાયો,
કરજોડી પ્રભુ વિનવુ તમશું, કરો કૃપા જિનવરજી અમશું ૧૯
જનમ મરણના ભય નિવારો, ભવસાગરથી પાર ઉતારો,
શ્રી હત્થિણાઉર મંડણ સોહે, ત્યા શ્રી શાંતિ સદા મન મોહે. ૨૦
પદ્મસાગર ગુરૂરાજ પસાયા, શ્રી ગુણસાગર કહે મન ભાયા;
જે નર નારી એક ચિત્ત ગાવે, તે મનવાંચ્છિત નિશ્ચે પાવે. ૨૧

श्री चिंतामणिपार्श्वनाथनो छंद.

(દોહા.)

કલ્પવેલ ચિંતામણિ, કામધેનુ ગુણ ખાણ,
અલખ અગોચર અગમ ગતિ, ચિદાનંદ ભગવાન ૧
પરમ જ્યોતિ પરમાતમા, નિરાકાર કિરતાર,
નિર્ભય રૂપ જ્યોતિસરૂ, પૂરણ બ્રહ્મ અપાર. ૨

આવનાશી : સાઈંધની, ચિંતામણિ શ્રી પાસ;
અરજ કરૂં કર જોડકે, પૂરો વંછિત આશ. ૩
મનચિંતિત આશા ફળે, સકળ સિદ્ધવે કામ;
ચિંતામણિકો જાપ જપ, ચિંતાહર એ નામ. ૪
તુમ સમ મેરે કો નહી, ચિંતામણિ ભગવાન;
ચેતનકી એહ વિનતી, દીજે અનુભવ જ્ઞાન. ૫

ચોપાઇ.

પ્રાણુતદેવલોકથી આયે, જન્મ વાણારશી નગરી પાયે,
અશ્વસેન કુળમંડન સ્વામી, ત્રિહુ જગકે પ્રભુ અંતરજામી. ૬
વામાદેવિ માતાકે જાયે, લંછન નાગ ફણિ મણિ પાયે,
શુભ કાયા નવ હાથ વખાણો, નીલ વરણ તનુ નિર્મળ જાણો. ૭
માનવ જક્ષ સેવે પ્રભુ પાય, પદ્માવતી દેવી સુખદાય,
ઇંદ્ર ચંદ્ર પારસ ગુણ ગાવે, કલ્પવૃક્ષ ચિંતામણિ પાવે ૮
નિત સમરો ચિંતામણિ સ્વામી, આશા પૂરે અંતરજામી,
ધન ધન પારસ પુરિસાદાણી, તુજ સમ જગમે કો નહીં નાણી. ૯
તુમારો નામ સદા સુખકારી, સુખ ઉપજે દુઃખ જાય વિસારી.
ચેતનકો મન તુમારે પાસ, મનવંછિત પૂરો પ્રભુ આશ. ૧૦

દોહા

ૐ ભગવંત ચિંતામણિ, પાર્શ્વ પ્રભુ જિનરાય,
નમો નમો તુમ નામસેં, રોગ શોગ મિટ જાય. ૧૧
વાત પિત્ત દૂરે ટળે, કફ નહીં આવે પાસ
ચિંતામણિકે નામસે, મિટે શ્વાસ ઓર ખાસ. ૧૨
પ્રથમ દૂસરો તીસરો, તાવ ચોથિયો જાય,
શુળ બહોંતેર દૂરે રહે, દાદ ખાજ ન રહાય. ૧૩

વિસ્ફોટક ગડગુંબડાં, કોઢ અઢારે દૂર;
નેત્ર રોગ સબ પરિહરે, કંઠમાળ ચકચૂર. ૧૪
ચિંતામણિકે જાપસે, રોગ શોગ મિટ જાય;
ચેતન પારસ નામકો, સમરો મન ચિત લાય. ૧૫

ચોપાઇ.

મન શુદ્ધે સમરો ભગવાન, ભયભંજન ચિંતામણિ ધ્યાન;
ભૂત પ્રેત ભય જાવે દૂર, જાપ જપે સુખ સંપતિ પૂર. ૧૬
ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહિ લાગે પારસ સેવ;
જળચર થળચર ઉરપર જીવ, ઇનકો ભય નહીં સમરો પીવ. ૧૭
વાઘ સિંહકો ભય નહીં હોય, સર્પ ગોહ આવે નહિ કોય,
વાટ ઘાટમેં રક્ષા કરે, ચિતામણિ ચિંતા સબ હરે. ૧૮
ટોણા ટામણ જાદૂ કરે, તુમારો નામ લેતાં સબ ડરે;
ઠગ ફાંસીગર તસ્કર હોય, દૈષા દુસ્મન દુષ્ટજ કોઇ. ૧૯
ભય સબ ભાગે તુમારે નામ, મનવંછિત પૂરે સબ કામ,
ભય નિવારણ પૂરે આશ, ચેતન જપ ચિતામણિ પાસ. ૨૦

દોહા.

ચિતામણિકે નામસેં સકલ સિદ્ધવે કામ;
રાજ ઋદ્ધિ રમણી મળે, સુખ સંપતિ બહુ દામ. ૨૧
હય ગય રથ પાયક મળે. લક્ષ્મીકો નહીં પાર;
પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શિવ દરબાર. ૨૨
ચેતન ચિંતામણિકો, જાપ જપે નિત કાળ;
કર આંજિલ જુડ નામકો, ઉપજે મંગળ માળ ૨૩
પારસ નામ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન;
મનવંછિત સુખ ઉપજે, નિત સમરો ભગવાન. ૨૪

સંવત અઢારા ઉપરે, સાડત્રિશકો પરિમાણુ;
પોષ શુકલ દિન પંચમી, વાર શનિશ્વર જાણુ. ૨૫
પઢે ગુણે જો ભાવશુ, સુણે સદા ચિતલાય;
ચેતન સંપતિ બહુ મળે, સમરો મન વચ કાય. ૨૬

अथ श्री पार्श्वनाथना छंद.

આપણુ ઘર બેઠા લીલ કરો, નિજ પુત્ર કલત્રશુ પ્રેમ ધરો;
તુમ દેશ દેશાંતર કોઈ દોડો, નિત્ય પાસ જપો શ્રી જિ । ૬ડો ૧
મનવછિત સઘળા કાજ સરે, શિર ઉપર છત્ર ચામર ધરે;
કલમલ આગળ ચાલે ઘોડો. નિત્ય. ૨
ભૂત પ્રેત પિશાચ વળી, સાકણિ ને ડાકણિ જાય ટળી;
છળછિદ્ર ન કોઈ લાગે જૂડો. નિત્ય. ૩
એકાતર તાવ સિયો દાહ, ઔષધ વિણ જાયે ક્ષણુ માહ;
નવિ દુઃખે માથુ પગ ગુડો. નિત્ય. ૪
કઠમાળા ગડગુમર સબળા, તસ ઉંદર રોગ ટળે સઘળા;
પીડા ન કરે ફિન ગળફોડો. નિત્ય. ૫
જાગતો તિર્થંકર પાસ બહુ, એમ જાણે સઘળો જગત સહુ;
તત્ક્ષણુ અશુભ કર્મ તોડો નિત્ય. ૬
પાસ વાણા શિ પૂગ નગરો, તિહા ઉદયો જિનવર ઉદય કરો;
સમયસુ-ર કહે કર જોડો. નિત્ય. ૭

श्री महावीरस्वामीनो छंद.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી દૂર વરો;
સંતોષવૃત્તિ ધરો ચિત્તમાહિ, રાગ દ્વેષથી દૂર થાઓ કરજોડિં. ૧
પડયા મોહ ના પાસમા જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી.
મનુ જન્મ પામી વૃથા કા અમો છો, જિનમાર્ગ છંડી ભૂલા કાં ભમોછો. ૨

અલોભી અમાની નિરાગી તજો છો, સલોભી સમાની સરાગી ભજો છો;
હરિ હરાદિ અન્યથી શુ રમોછો, નદી ગંગ મૂકી ગળીમા પડો છો. ૩
કેઇ દેવ હાથે અસિ અક્ષ ધાગ કેઇ દેવ ઘાલે ગળે રૂંઢમાળા;
કેઇ દેવ ઉત્સગે રાખે છે વામા, કેઇ દેવ સાથે રમે વૃદ્ધ રામા. ૪
કેઇ દેવ જપે લેઇ જપમાળા, કેઇ માસભક્ષી મહા વીકરાળા,
કેઈ યોગિણી ભોગિણી ભોગ રાગે, કેઈ રુદ્રાણી છાગનો હોમ માગે. ૫
ઇશા દેવ દેવીતણી આશ રાખે, તદા મુકિતના સુખને કેમ ચાખે,
જદા લોભના થોકનો પાર નાવ્યો, તદા મધનો બિંદુઓ મન્ન ભાવ્યો. ૬
જેહ દેવલા આપણી આશ રાખે, તેહ પિંડને મન્નશુ લેય ચાખે,
દીનહીનની ભીડ તે કેમ ભાજે, ફુટયો ઢોલ હોએ કહો કેમ વાજે ૭
અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષદાતા, અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા,
રત્નચિંતામણિ સરિખો એહ સાચો, કલંકી કાચના પિંડશુ મતરાચો ૮
મંદબુદ્ધિશુ જેહ પ્રાણી કહે છે, સવિ ધર્મ એકત્વ ભૂલો ભમે છે,
કિહા સર્ષવાને કિહા મેરુધીર, કિહા કાયરાને કિહા શુરવીર. ૯
કિહા સ્વર્ણ થાળ કિહા કુંભખંડ, કિહા કોદ્રવાને કિહા ગીરમંડ,
કિહા ખીર સિંધુ કિહા ક્ષારનીર, કિહા કામધેનુ કિહા છાગખીર. ૧૦
કિહા સત્યવાચા કિહા કૂડવાણી, કિહા રંકનારી કિહા રાયરાણી
કિહા નારકીને કિહા દેવભોગી, કિહા ઇંદ્રદેહી કિહાં કુષ્ટ રોગી. ૧૧
કિહાં કર્મઘાતી કિહા કર્મધારા, નમો વીરસ્વામી ભજો અન્ય વારી;
જિસી સેજમા સ્વપ્નથી રાજ્ય પામી, રાચે મંદબુદ્ધિ વરી તેહ સ્વામી. ૧૨
અથિર સુખ સંસારમા મન્ન રાચે, તેજના મૂઢમા શ્રેષ્ટ શુ દૃષ્ટ છાજે,
તજો મોહ માયા હરો દંભ રોશી, સજો પુણ્ય પોષી ભજો તે અરોશી ૧૩
ગતિ ચાર સંસાર અસાર પામી, આવ્યો આશ ધારી પ્રભુ પાય સ્વામી,
તુંહી તુંહી તુંહી પ્રભુ પરમરાગી, ભવફેરની શૃંખલા મોહ ભાગી. ૧૪

માનીયે વીરજી અરજ છે એક મોરી, દીજે દાસકું સેવના ચરણ તોરી;
પુણ્ય ઉદય હુવો ગુરુ આજ મેરો, વિવેકે લહ્યો મે પ્રભુ દર્શ તેરો ૧૫

શ્રી મહાવીરસ્વામીનો છંદ.

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિસલાદે સુત જગ આધાર,
સોભે સુંદર સોવન વાન, શરણુ તમારૂ શ્રી વર્દ્ધમાન ૧
તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મનવછિત મુદા;
તુમ નામે લહિયે સનમાન. શરણુ. ૨
દુર્જન દુષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તતકાળ;
તુમ નામે દિન દિન કલ્યાણુ શરણુ ૩
તુમ નામે નાવે આપદા, ભૂત પ્રેત વ્યતર નહિ કદા,
રોગ શોગ ચિંતા નવિ જાણુ શરણુ ૪
ગ્રહાદિક પીડા નવિ કરે, નામ તમારૂ જે અનુસરે.
ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન. શરણુ. ૫

શ્રી ગૌતમસ્વામિનો છંદ.

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશ દીશ;
જો કીજે ગૌતમનુ ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧
ગૌતમ નામે ગિરિવર ચડે, મનવછિત હેલા સપડે,
ગૌતમનામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સજોગ. ૨
જે વૈરી વિરુઆ વકડા, તસ નામે નાવે ઢુકડા,
ભૂત પ્રેત નવિ મડે પ્રાણુ, તે ગૌતમનાં કરૂ વખાણુ. ૩
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણુગાર, ગૌતમ નામે જય જયકાર. ૪

શાળિ દાળ સુરહા ઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ;
ઘર સુ ઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ૫
ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ,
મ્હોટાં મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ. ૬
ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોચે વંછિત કોડ;
મહિયલ માને મ્હોટા રાય, જો તુઠે ગૌતમના પાય. ૭
ગૌતમ પ્રણમ્યાં પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮
પુણ્યવંત અવધરો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્યસમય કર જોડ, ગૌતમ તુઠે સંપતિ કોડ. ૯

श्री गौतमस्वामीनो छंद.

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર;
સમરે વંછિત સુખદાતાર, જયો જયો ગૌતમ ગણધાર. ૧
વીર વજીર વડો અણગાર, ચૌદહજાર મુનિ શિરદાર;
જપતાં નામ હુવે જયકાર, જયો જયો ગૌતમ ગણધાર. ૨
ગય ગમણી રમણી જગ સાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર;
આપે કનક કોડ વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર. ૩
ઘેર ઘોડા પાયક નહિ પાર, સુખાસન પાલખી ઉદાર:
વૈરી વિકટ થાયે વિસરાળ, જયો જયો ગૌતમ ગણધાર. ૪
પ્રહ ઉઠી જપિયે ગણધાર, ઋદ્ધિ સિદ્ધિ કમળા દાતાર;
રૂપ રેખ મયણ અવતાર, જયો જયો ગૌતમ ગણધાર. ૫
કવિ રૂપ ચંદ કેરો શિષ્ય, ગૌતમ ગુરુ પ્રણમો નિશ દિશ;
કહે ચંદ એ સુમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર. ૬

૩૧

અન્યોન્યાશ્રય.

અંગ વિના સંગ નહીં, સગ વિના ઢગ નહીં.
ઢંગ વિના રંગ નહીં, રંગ વિના ચંગ નહીં.
તાપ વિના છાપ નહીં, છાપ વિના માપ નહીં.
માપ વિના જાપ નહીં, જાપ વિના આપ નહીં.
જ્ઞાન વિના સાન નહીં, સાન વિના તાન નહીં.
તાન વિના દાન નહીં, દાન વિના માન નહીં.
હામ વિના કામ નહીં, કામ વિના દામ નહીં.
દામ વિના ઠામ નહીં, ઠામ વિના નામ નહીં.
બુદ્ધિ વિના સુદ્ધિ નહીં, શુદ્ધિ વિના સ્મૃદ્ધિ નહીં.
સ્મૃદ્ધિ વિના સીદ્ધિ નહી, સીદ્ધી વિના વૃદ્ધિ નહીં.
ધીર વિના સ્થીર નહીં, સ્થીર વિના વીર નહીં.
વીર વિના મીર નહીં, મીર વિના ચીર નહીં.
ધર્મ વિના કર્મ નહીં, કર્મ વિના નર્મ નહીં.
નર્મ વિના ધર્મ નહીં, ધર્મ વિના પર્મ નહીં.
વ્યક્તિ વિના શક્તિ નહીં, શક્તિ વિના યુક્તિ નહીં.
યુક્તિ વિના ભક્તિ નહી, ભક્તિ વિના મુક્તિ નહીં.

દોહરા.

શ્રોતા વક્તા ને વળી, પાઠક જે મતિમાન;
હૃદય ધરે તાત્પર્યને, પામે તે સન્માન,
અધિક કલ્પાથી અધિકશુ, જાણે સર્વ પ્રબુદ્ધ;
જિજ્ઞાસુ જન સુખે લીઓ, ધારી નિશ્ચય સુદ્ધ.

श्री श्रमण संघस्य शातिर्भवतु,
श्री पौर जनस्य शांतिर्भवतु,
श्री राजाधिपानां शातिर्भवतु,
श्री राज सन्निवेशानां शांतिर्भवतु,
श्री गोष्ठिकानां शांतिर्भवतु,
श्री पुर मुख्याणां शांतिर्भवतु.
श्री ब्रह्म लोकस्य शांतिर्भवतु,
ॐ स्वाहा ॐ स्वाहा ॐ पार्श्वनाथाय स्वाहा.

પ્રાતઃકાળે, મધ્યાને, સાયકાળે, મન, વચન ને કાયાએ કરી, કરાવી, તથા કરવાનુ અનુમોદન આપી સર્વ જગતમાં પરમ શાતિ ફેલાવવા વાચનાર ભાઇઓ અને બ્હેનો ઉત્સાહથી યત્નવાન થાઓ એજ મારી આનંદદાયક ઇચ્છા છે. અસ્તુ.

સમાપ્ત

જૈન ભાઈઓને ભેટ!

૧ નીતિ વિચાર રત્નમાળા.
૨ સુવિચાર કુસુમમાળા.
૩ જૈન ધર્મ તત્વ પ્રકાશ.
૪ જૈન ધર્મ શિક્ષણ.
૫ શેત્રુંજય ઉદ્ધાર.
૬ ગહુલી સગ્રહ.
૭ ગરબાવળી.
૮ શ્રી નવકાર મંત્ર સંગ્રહ

આ પુસ્તકો તૈયાર છે. વાસ્તે જેને જોઇએ તેણે દરેક પુસ્તકનો પોષ્ટેજનો ૦॥ આનો ગણીને જેટલાં પુસ્તકો જોઇએ તેટલા પૈસા મોકલી આપી નીચેના ઠેકાણેથી મંગાવી લેવાં.

(નવાં છપાય છે.)

અનુભવ ગુટિકા.
સુવિચાર કુસુમમાળા ભાગ રજો.
વૈરાગ્ય માળા.

સર્વેને ભેટ આપનાર
શેઠ કંકુચંદ મુલચંદ પટણી.
ઠેકાણું. ચોપાટીપર પોષ્ટ નં. ૭ મુંબઇ.